

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કરી લીધી અનેક દુકાનો 'યોગ'ના મોલમાં*
*લટકાવ્યા ઉંધે માથે અનેક ધંધા તોલ માં,*
*પોલ જોઈને કરાવે ઉઠબેસ નેતાઓ ને -*
*ફેલાવી દીધું સામ્રાજય 'યોગી બાબા'ના રોલમાં*
*(હરિદ્વારમાં રામદેવનું શાસન)*

### હાઈકુ

*ભાઈ હરખા !*
*મેં વેંચી 'ચા' તેં યોગ*
*છીએ સરખા!*

*શીર્ષાસનથી*
*કરે પૂલ્ટા ને ઉલ્ટા*
*ઝૂકે દુનિયા...*

### ચિંતન

**કાર્યસમ્પદં નિમિત્તાની સુચયન્તિ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કાર્યસિદ્ધિ નિમિત્તને પ્રગટ કરે છે.

કોઈ કાર્યની સફળતા જ સૂચવે છે એ કાર્ય ઊંડા વિચાર-આયોજન પછી કરવામાં આવ્યું છે. આમ, સર્વાંગી આયોજન વિના કોઈ કાર્યનો પ્રારંભના કરવો જોઈએ.

કોઈ પણ કાર્ય-સાહસ સંપૂર્ણ વિચાર આયોજન પૂર્વક કરવું જોઈએ. કામ - કરતા આવનારી મુશ્કેલીઓ અને પરિણામનો પણ પૂર્ણવિચાર કરવો જોઈએ. પછી જ પૂર્ણ પ્રયત્નથી કાર્ય કરવામાં આવે તો અચૂક સફળતા પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- જિંદગી એક એવું પીણું છે જેનો સ્વાદ આરંભથી અંત સુધી કદી એકસરખો હોઈ શકતો નથી ? - **એસ. ભટ્ટાચાર્ય**
- વિજ્ઞાન પણ છેવટનું સત્ય શોધવા માટે છે અને ધર્મ તો પહેલેથી જ કહે છે કે 'સત્ય એ જ પરમેશ્વર છે' - **ભૂપત વડોદરિયા**
- ધન સિવાય પણ આપવા જેવું ઘણું બધું હોય છે - પ્રેમ, આદરના બે શબ્દો, શુભેચ્છાઓનું એક વચન - **સંત રોબિન**
- જિંદગી એક સાહસ છે અને તે સાહજને સફળતાથી પૂર્ણ કરવાનો માર્ગ સ્નેહ અને સમાધાનનો છે - **ઓશો**
- જે સ્મૃતિઓ જીવન પોષક હોય તેનું જતન કરવું જોઈએ અને જે સ્મૃતિઓ જીવનશોષક હોય તેને ખંકેરી નાખવી જોઈએ - **જનકલ્યાણ**
- એક માણસ બીજા માણસ પર ઉપકાર કરે છે તે તેની પોતાની માણસાઈની શોભા છે. - **હિરેન ભટ્ટ**
- આજનું ઔષધ : પેરુના પાન ચાવવાથી દાંતના દુઃખાવામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બીજા શીખગુરુ અંગદેવજીનું પૂર્વાશ્રમનું નામ ભાઈલહિણા હતું. બચપણથી જ તેમને પ્રભુભક્તિમાં મન લગાડ્યું હતું. એકવાર અચાનક તેમને ગુરુ નાનકદેવને ભેટો થયો. ભાઈલહિણા એ ગુરુનાનકને શિષ્ય બનાવવા વિનંતી કરી. ગુરુનાનકે પણ ભાઈલહિણાને શિષ્ય તરીકે સ્વીકાર્યા. ગુરુનાનકની સેવા કરી ભાઈલહિણા ગુરુના અંગત શિષ્ય બની ગયા. એક દિવસ ગુરુનાનકે પોતાના જયેષ્ઠ પુત્ર શ્રીચંદજીને બોલાવીને પૂછ્યું, 'તને કઈ વસ્તુની ઈચ્છા છે?'

શ્રીચંદજીએ જવાબ આપ્યો, 'મને વૈરાગ્ય જોઈએ છે.'

ગુરુનાનકે કહ્યું, 'જા, તને વૈરાગ્ય પ્રાપ્ત થશે...' ગુરુનાનકે તેમના નાના પુત્ર લક્ષ્મીચંદને પણ પૂછ્યું, 'તને કઈ વસ્તુની ઈચ્છા છે ?' લક્ષ્મીચંદે કહ્યું, 'મારે અઢળક વૈભવ જોઈએ છે.' ગુરુનાનકે તેને વૈભવ મળે એવા આશીર્વાદ આપ્યા. પછી ગુરુનાનકે ભાઈલહિણાને પણ આ જ પ્રશ્ન પૂછ્યો ત્યારે ભાઈ લહિણાએ કહ્યું, 'ગુરુદેવ, મને ન તો ઈશ્વર દર્શનની ઈચ્છા છે કે ન તો ધનવૈભવની અપેક્ષા છે. હું તો કાયમ આમ જ આપની સેવા કર્યા કરું, એ જ મારી ઈચ્છા છે.' આવી ભાઈલહિણાની વાત સાંભળી ગુરુનાનક ગદ્ગદિત થઈ ગયા અને કહ્યું, 'વત્સ, જે બંદો ઈશ્વરના બંદાઓની સેવા કરવા ઈચ્છે છે તેને જરૂર ઈશ્વર મળે છે. તું ધર્મનો સાચો મર્મ સમજ્યો છે. આથી તું જ બીજાઓને પણ ધર્મનો સાચો માર્ગ બતાવી શકીશ. આથી હવેથી તું જ મારી ગુરુ ગાદીનો અધિકારી છે.' આમ ભાઈલાહણિયા શીખ સંપ્રદાયના બીજા શીખગુરુ અંગદેવજી બન્યા.

# રાહુલની ઈફતાર પાર્ટી અને નેતૃત્વની સમસ્યા

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા રાષ્ટ્રપતિ ભવનમાં ઈફતાર પાર્ટી નહીં યોજવાના નિર્ણય પછી રાહુલ ગાંધી દ્વારા દિલ્હીની તાજ પૅલેસ હોટેલમાં ગ્રાન્ટ ઈફતાર પાર્ટી યોજવાની જાહેરાત ઘણી સૂચક છે. એમાં સ્પષ્ટપણે બિનસાંપ્રદાયિકનું રાજકારણ વરતાય છે.સોનિયા ગાંધીએ ૨૦૧૫માં આવી ઈફતાર પાર્ટી યોજીને આવા જ સંકેતો પાઠવ્યા હતા. ભારતીય જનતા પાર્ટી હવે લઘુમતી વર્ગોના સહયોગ માટે બિનજરૂરી જહેમત ઉઠાવવા કરતાં ઘેર ઘેર હિંદુત્વનો ગર્ભિત સંદેશ પહોંચાડવાનો વિકલ્પ જ સ્વીકારશે તે નક્કી છે. ઈફતાર પાર્ટી ભલે ભાઈચારાનો ઉત્સવ ગણાતો હોય પરંતુ ભારતીય જનતા પાર્ટીએ તે એને મુસ્લિમોને લાડ લડાવવાના કોંગ્રેસી રાજકારણ તરીકે જ ઠસાવવાના પ્રયાસો કરેલ છે. સવિશેષ વાજપેયી પછીના ભાજપકારણમાં આ મુદ્દો ઊડીને આંખે વળગે તે હદે ચગતો રહ્યો છે. દિલ્હીના મહત્ત્વાકાંક્ષી શાહી ઈમામ મુસલમાનોને અવારનવાર હોદ્દાની રૂએ હુકમ બજાવતા રહ્યા છે અને એથી ભાજપ હરહંમેશ ફાયદામાં જ રહેલ છે. આથી રાહુલ ગાંદી દ્વારા મોટા પાયે યોજાયેલ ઈફતાર પાર્ટી વિપક્ષોના ગઠબંધન માટેનું નિમિત્ત બનશે એ કરતાં વિશેષ હિંદુત્વના નબળા પડી ગયેલા મુદ્દાને પુનર્જીવિત કરવાનું કારણ બની રહે તેવી સંભાવના નકારી શકાય એમ નથી. નરેન્દ્ર મોદીની રાજકીય સલાહકારી મંડળી ચોવીસે કલાક વિરોધીઓની નબળી નસની જ તલાશ કરતી રહે છે. રાહુલ ગાંધીએ ઈફતાર પાર્ટી યોજીને એને સામેથી તક પૂરી પાડી છે. ફરી એકવાર ભાજપ અને સંઘના બૌદ્ધિકો કોંગ્રેસને મુસલમાનોની જ પાર્ટી તરીકે જોરશોરથી ઓળખાવશે. સોનિયા ગાંધીએ બહુ જ નિખાલસપૂર્વક કબૂલ પણ કર્યું હતું કે મોદી અને એમના સાથીઓએ કોંગ્રેસને મુસલમાનોની પાર્ટી બનાવી દીધી છે. આ છાપ ભૂંસવા માટે એમણે સૉફ્ટ હિંદુત્વનો માર્ગ પણ અપનાવ્યો. ગુજરાત અને કર્ણાટકની ચૂંટણીમાં રાહુલ ગાંધીને આ અભિગમ ફળ્યો પણ ખરો. પરંતુ બીજી તરફ મુસ્લિમ વૉટબેંકમાં નારાજગીનો અહેસાસ પણ થવા લાગ્યો. આથી હવે ફરી પાછા રાહુલ ગાંધી લઘુમતી વોટબેંક અંકે કરવાના આશય સાથે ઈફતાર પાર્ટી યોજી રહ્યા હોય એવી છાપ ઊપસે તો નવાઈ નહીં. વિવિધ પ્રાદેશિક પક્ષોના મહાગઠબંધન માટેના પ્રયાસ લેખે રખાયેલ પ્રીતિભોજ તરીકે પણ એનો ઉલ્લેખ થતો રહેશે. વડાપ્રધાન પોતે કોઈ ઈફતાર પાર્ટી નહી યોંજે પણ મંત્રીમંડળના સાથી નકવી પાસે જરૂર યોજાવશે અને એમાં હાજરી પણ આપશે. બનવાજોગ કે રાષ્ટ્રપતિના પગલે મંત્રીમંડળના સભ્યો પણ આવા સાંપ્રદાયિક કાર્યક્રમોથી વેગળા રહે. તો પછી પાછી દ્વારા એના લઘુમતી સેલના ઉપક્રમે આવા કાર્યક્રમો થશે. મુંબઈમાં પાર્ટીએ આવી ઈફતાર પાર્ટી યોજીને એની શરુઆત કરી જ દીધી છે. હકીકતમાં દરેક નેતા કે રાજકીય પાર્ટી કોઈ પણ પ્રસંગ કે તહેવારનો પોતાની મતબેંક છલકાવવા માટે જ વિનિયોગ કરતા હોય છે. શિવસેના જેવી કટ્ટર હિંદુત્વવાદી પાર્ટી પણ ઈફતાર પાર્ટીનું આયોજન કરીને પોતે દેશપ્રેમી મુસ્લિમોની વિરોધી નહીં હોવાની પ્રતીતિ કરાવવા મથતી રહે છે. મહાગઠબંધનમાં પ્રશ્ન લઘુમતીના વોટ કરતાં ૨૦૧૯ની ચૂંટણીમાં વડાપ્રધાનના ચહેરા તરીકે કોનું નામ આગળ ધરવું તે રહેશે. જો રાહુલ ગાંધી રાજીખુશીથી પ્રામાણિકતાપૂર્વક સોનિયા ગાંધીની જેમ એ સ્પર્ધામાંથી ખસી જશે તો મોદી સામે વિપક્ષોના ધ્રુવીકરણને જબરદસ્ત બળ સાંપડશે. શરદ પવાર, મમતા બેનરજી અને માયાવતીથી લઈ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી કે પૂર્વ વડાપ્રધાન દેવગૌડા સુધીના નેતાઓ ઉમળકાભેર એક મંચ પર આવી ભાજપને હટાવવા પ્રામાણિક પ્રયત્નો કરશે.

# જંત્રી માર્ગદર્શક ગણાય આદેશાત્મક નહિ



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

જંત્રીમાં દર્શાવેલ જમીનની કિંમત એ નિર્ણાયક પુરાવો ગણી શકાય નહિ એ માત્ર અનુમાન ગણાય અને જંત્રીમાં દર્શાવેલ કિંમત સાચી કે ખરી ગણાય નહિ.

નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં આપેલ ચુકાદા મુજબ બજાર કિંમત નક્કિ કરતા પહેલા પક્ષકારને સાંભળવાની તક મળવી જોઈએ. વેચાણ ઉપર ભરપાઈ થાય તે માટે સત્તાવાળાઓએ જમીનની બજાર કિંમત ઉંચી આંકિને તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું કે સત્તાવાળઓ પોતાની મરજીમાં આવે તે રીતે રકમ નક્કિ ના કરી શકે પરંતુ આવી ઉંચી આકારણી માટે નક્કિ ધોરણ અને યોગ્ય કારણ દર્શાવવા જોઈએ. જમીનની ઉંચી કિમત નક્કિ કરતા સમયે કોઈપણ કારણો ન આપવા તે મનસ્વી અને ભેદભાવ યુકત ગણાય.

કાયદામાં જણાવેલ ધોરણો ધ્યાનમાં લઈ જમીનની કિમત નક્કિ કરવાની રહે છે. મુંબઈ સ્ટેમ્પ રૂલ્સ ૧૯૮૪ ના રૂલ્સ ૪ અને ૮ માં દર્શાવેલ સિધ્ધાંત મુજબ જમીની મિલ્કતની ડિટરમીનેશન ઓફ માર્કેટ વેલ્યુ ઓફ પ્રોપર્ટીના સિધ્ધાંત મુજબ જમીન મિલ્કતની કિંમત નક્કિ કરતા સમયે પ્રાથમિક પણે મિલ્કતની કેપીટલાઈઝડ વેલ્યુ ધ્યાનમાં લઈ ચકાસણી કરવી જોઈએ. આમ હાલમાં જાહેર કરવામાં આવેલ જંત્રી આવા કોઈ કાયદાકિય પ્રક્રિયા વગરની હોય કાયદા અન્વયે તે જમીન મિલ્કતની કિંમત અંગે નિર્ણાયક પુરાવા ગણી શકાય નહિ.

જંત્રીએ કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કરે છે. જંત્રીમાં દર્શાવેલી જમીન મિલ્કતની કિંમત કુદરતી હોય તેવી કોઈપણ બાબત નક્કિ કરતા સમયે તે વ્યક્તિને સાંભળવાની પુરાવા રજુ કરવાની તક આપવી જોઈએ.

હાલમાં જાહેર કરવામાં આવેલ જંત્રીમાં સર્વે નંબર સાથે ઉલ્લેખ કરી જમીન મિલ્કતની કિંમત જાહેર કરી છે જે તેવી સંબંધીત સર્વે નંબર વાળી મિલ્કતના માલીકને સાંભર્યા કે પુરાવા રજુ કરવાની તક આપ્યા સીવાય નક્કિ કરેલ છે તેથી તે કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરૂધ્ધના છે અને ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય તે કાયદામાં વ્યર્થ અને નિરર્થક ગણાય.

ટાઉન પ્લાનીંગ એકટ, લેન્ડ એક્વિઝેશન એકટ વિગેરે અન્વયે જો કોઈ જમીન મિલ્કત અંગે કોઈ નિર્ણય લેવામાં આવે તો તે અંગે જાહેરનામું બહાર પાડીને તેવા તમામ સબંધીત જમીન મિલ્કતના માલીકને સાંભળવાની તક આપવામાં આવે છે જયારે જંત્રી બહાર પાડવા બાબતે આવી કોઈ પ્રક્રિયા વગર સંબંધીત વ્યક્તિની જમીન મિલ્કતની કિંમત જાહેર કરવી તે કાયદા મુજબ આર્બીટ્રરી યાને મનસ્વી અને સત્તા બહારનો નિર્ણય ગણી શકાય.

જમીન મિલ્કતની હોય તેના કરતા ઉંચી આકરણી કરેલ હોય તો તેની સામે કયા પગલા લઈ શકાય? આ પ્રશ્ન ઉદ્દભવે તે સામાન્ય છે. મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૧ માં આ બાબતે સ્પષ્ટ જોગવાઈ છે કે કલેકટરશ્રી સમક્ષ જો કોઈ લેખ લાવવામાં આવે અને તે લેખ લાવનાર તેની ઉપર ખરેખર કેટલી સ્ટેમ્પ ટયુટી વસુલ લેવા પાત્ર થાય છે તે બાબતનો અભિપ્રાય માંગી શકે છે અને કલેકટર ફરમાવે તે રકમની ફી ભરે ત્યારે તે લેખ ઉપર કલકેટરને પોતાની વિવેક બુધ્ધી પ્રમાણે કેટલી સ્ટેમ્પ ડયુટી લેવા પાત્ર થાય છે તે નક્કિ કરવાની પુરેપુરી સત્તા છે.

કલેકટર આવા લેખનો સારાંસ અગર તો તે લેખની ડયુટી ભરવાની પાત્રતા ઉપર અથવા તે લેખ ઉપર લેવા પાત્ર ડયુટીની રકમ ઉપર અસર કરતી બીજી તમામ હક્કિતો અને સંજોગો બાબત રજુ કરેલા પુરાવાઓ ધ્યાને લઈ અને પોતાની વિવેક બુધ્ધી પ્રમાણે તે લેખ ઉપર કેટલી ડયુટી લેવા પાત્ર છે તે નક્કિ કરે છે.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૨ (ક) માં ઠરાવેલ કાર્ય પધ્ધતિ અનુસાર તે લેખ ઉપર લેવા પાત્ર યોગ્ય ડયુટી નક્કિ કરવા કલેકટર સબંધીત પક્ષકારોને રજુઆત કરવાની પુરાવા રજુ કરવાની વ્યાજબી તક આપ્યા પછી આ રાજય સરકારે નક્કિ કરેલા નિયમો અનુસાર કરારનો વિષય હોય તેવી મિલ્કતની ખરી બજાર કિંમત અને તેના ઉપર આપવાની ડયુટી નક્કિ કરશે.

ડિટરમિનેશન ઓફ માર્કેટ વેલ્યુ ઓફ પ્રોપર્ટી રૂલ્સ ૧૯૮૪ ના રૂલ્સ ૮ માં સ્પષ્ટ દર્શાવેલ સિધ્ધાંત મુજબ જમીન મિલ્કતની આકારણી કરવી જોઈએ જે મુજબ જમીન મિલ્કતની આકારણી કરવી જોઈએ જે મુજબ જમીનની વર્ગીકરણ, જમીનના મહેસુલ દર, જમીનમાંથી ઉત્પન્ન થતી

**અનુસંધાન પાના નં ૭ પર**

# કોઈ આરોહમાં તૂટ્યા કોઈ અવરોહમાં તૂટ્યા, કોઈથી કયાં પૂરેપૂરું જીવન સંગીત ગવાયું છે

ચિત્તમાં શાંતિ હોવી જોઈએ, અને મનુષ્યમાં આગ પણ હોવી જોઈએ. છાતીમાં આગ જોઈએ અને માથામાં બરફ; તેથી બુદ્ધિ શાંત રાખતાં આવડતું જોઈએ.

-વિનોબા ભાવે

મોબાઈલમાં વ્યસ્ત એવી આજની જનરેશન પોતાની અલગ જ દુનિયામાં વ્યસ્ત રહેતી હોય છે અને તેમાંય આવી કાળઝાળ ગરમી ! ગુસ્સો આવે, ખીજ ચડે, ઝઘડો થઈ જાય એવો માહોલ સૌની આસપાસ હોય છે પણ બધા એ રીતે ગુસ્સે થતા નથી. અને જે ૨૦% લોકો આ ગુસ્સાથી બાકાત હોય છે તે કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરી શકવા સક્ષમ હોય છે. પોતાની ઈચ્છા મુજબ કાંઈ પણ ન બને એટલે ગુસ્સો આવવો અને અકળાઈ જવું અત્યંત સહજ બાબત છે. પુસ્તકો વાંચવા, ચિત્ર દોરવું, નૃત્ય કરવું, સંગીત ગાવું, વગાડવું કે સાંભળવું આ તમામ બાબતો એવી છે કે તેનાથી ગુસ્સા કે અસંતોષ પર કાબૂ મેળવી શકાય છે અને આ બાબતોથી ઈશ્વર સાથે પણ સીધો સંવાદ સર્જી શકાય તેટલી તાકાત તેમાં હોય છે.

ઘર-ઘરમાં, શાળા-કૉલેજોમાં સૌથી વધુ ગવાતું અને સંભળાતું સૌનું મનપસંદ એવું એક ગીત અને તેના વિષેની જાણવા જેવી કેટલીક વાત 'ભૂમિપુત્ર' નામના પખવાડિયામાં મહેન્દ્રભાઈ મેઘાણીએ ખૂબ સુંદર રીતે રજૂ કરી છે :

હમ હોંગે કામિયાબ,
હમ હોંગે કામિયાબ, હમ હોંગે કામિયાબ એક દિન.
પૂરા હૈ વિશ્વાસ !...

આપણાં ગામડાંની નિશાળો સુધી પહોંચી ગયેલા આ ગીતનું મૂળ અંગ્રેજી સ્વરુપ પણ આ દેશમાં ઘણું જાણીતું થઈ ગયેલું છે.

**We shall overcome, we shall overcome some day,**
**Oh deep in my heart, O do believe,**
**That we shall overcome some day....**

ભારતમાં આ ગીત પહેલુંવહેલું ગવાયું ૧૯૬૩માં. કલકત્તાના પાર્ક સરકસ મેદાનમાં એક અમેરિકન લોકગાયકે એ ગીત ગાયું અને ૨૦,૦૦૦ની મેદનીએ તે સમૂહમાં ઝીલ્યું. પછી તો ગીતને પાંખો ફૂટી અને તે દેશભરમાં ફેલાઈ ગયું.

એ ગીતના ગાનારા હતા પીટર સીગર. ત્યાર બાદ તેત્રીસ વર્ષે તે ફરી ભારતની મુલાકાતે આવ્યા. ૧૯૯૬ના નવેમ્બરમાં કલકત્તા ઉપરાંત દિલ્હી, બેંગ્લોર તિરુવનંતપુરમમાં એમનાં ગીતોના કાર્યક્રમો યોજાયા. એ કેવો વિલક્ષણ જોગાનુજોગ કે ગુજરાતના એક લોકગાયકની શતાબ્દીના અરસામાં જ અમેરિકાના એ મહાન લોકગાયકનું આ દેશમાં પુનરાગમન થયું !

પીટર સીગરે 'વી શેલ ઓવરકમ' ની પ્રથમ ઘોષણા અમેરિકામાં ઘણા વરસો અગાઉ માર્ટિન લ્યૂથર કિંગના સમાન નાગરિક હક માટેના આંદોલન વેળા કરેલી. મૂળ તો કોઈ હબસી અમેરિકન પાદરીએ રચેલા એ ભજનનો સીગરને કંઠેથી લલકાર થયો, અને દેશદેશાવરમાં એના પડછંદા ઊઠયા. જોતજોતામાં એ સમસ્તનું વિશ્વનું સ્વાતંત્ર્ય ગાન બની ગયું. મૂળ ભજનમાં શબ્દો હતા 'આઈ વિલ ઓવરકમ', તેમાં સહેજ ફેરફાર કરીને સીગરે ગાયું : 'વી શેલ ઓવરકમ.'

ગીત-સંગીતની દુનિયામાં એક ઓલિયા જેવા પીટરભાઈ પાંચ દાયકાઓથી સમાનતા, સામાજિક પરિવર્તન અને શાંતિ હાંસલ કરવા કાજે સંગીતનું શસ્ત્ર અજમાવી રહ્યા છે. એમનાં ગીતો લોકોને આનંદ સાથે જ્ઞાન આપે છે, ઉત્સાહિત અને રોમાચિંત કરે છે. જગતભરમાં ઘૂમીને મોટી જન-મેદનીઓ સમક્ષ એમને ગીતો ગાયાં છે, અન્યાયની સામે મસ્તક ઉઠાવનારાઓની પડખે ઊભા રહીને, ૧૯૭૦માં અમેરિકન પાટનગર વૉશિંગ્ટન પરની વિરાટ લોક-કૂચ વખતે એમને જોન લેનોનનું મશહૂર ગીત 'ગિવ પીસ એ ચાન્સ' (એક તક આપો શાંતિને) ગાયેલું.



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

સંગીતકારોના એક કુટુંબમાં ૧૯૧૯માં જન્મેલા પીટરભાઈએ વીસ વરસની ઉંમરથી જાહેરમાં ગાવાનું શરૂ કરેલું. કૉલેજનો અભ્યાસ અધૂરો પડતો મૂકીને લોકગીતોનો અભ્યાસ કરવા એ લાઈબ્રેરી ઑફ કોંગ્રેસ (અમેરિકન સંસદના ગ્રંથાલય)માં પહોંચી ગયા હતા. પછી લોકગીતો વિશે વધુ જાણકારી મેળવવા માટે, પોતાનું તંતુંવાદ્ય બેન્જો હાથમાં લઈને એ આખા અમેરિકામાં રઝળવા નીકળી પડ્યા હતા. લોકગીતોના પુનરુદ્ધારની જે નવી ચળવળ અમેરિકામાં શરુ થઈ, તેમાં પીટર સીગર મોખરે હતા. અમેરિકાને ખૂણે ખૂણેથી, અને દુનિયા આખીમાં પણ, એમને લોકગીતો ભેગાં કરવાં માંડ્યા અને પછી હબસીઓનાં ભજનો, શ્રમજીવીઓનાં ગીતો, યુદ્ધ-વિરોધી ગીતો, પીડિતોનાં ગીતો - એમ તરેહ તરેહનાં ગીતો એ ગાવા લાગ્યા. ઈન્સાનિયત માટેની ઊંડી ખેવનાથી એમનું ગાન તરબતર છે. માનવ-આત્માનું અવિજેયપણું એ તેનો મુખ્ય સૂર છે. સીગર ગીતો ગાય છે, તેમ પોતે લખે છે પણ ખરા, અને ઘણી વાર બીજાનાં ગીતોમાં જરાક ફેરફાર કરીને તેને પોતાની પરંપરામાં પરોવી લે છે.

માનવજાતને સંગીતના સૂત્રમાં પરોવીને એક કરવા પીટરભાઈ મથતા રહ્યા છે. શોષિત-પીડિત જનતાની પડખે એ નિરંતર ખડા રહ્યા છે. વિયેટનામના યુદ્ધમાં અમેરિકાએ ભાગ લીધો તેનો વિરોધ કરવામાં એ મોખરે રહેલા. વિયેટનામમાં ખપી ગયેલા જુવાનજોધ અમેરિકન સૈનિકો અંગે તે કાળે એમને ગાયેલું એ શોકગીત 'વ્હેર હેવ ઓલ ધ ફલાવર્સ ગોન !' (પુષ્પો બધાં કયાં જતાં રહ્યાં !) વિખ્યાત છે. પાછળથી પોતાની આત્મકથાને પણ સીગરે એ જ નામ આપેલું : વ્હેર હેવ ઑલ ફલાવર્સ ગોન !

સીગરે જે અનેક ગીતો ગાયેલા અને લોકપ્રિય બનાવેલાં, તેમાં વિચાર અને ભાવનાની ઉદાત્તતાને કારણે જેની કવિતામાં સૌંદર્ય અનોખું બની આવ્યું છે, તેનું નામ છે 'ગ્વાન્તાનામેરસ'. ક્યૂબાના રાષ્ટ્રવીર હોઝે માર્ટીએ લખેલા સ્પેનિશ ભાષાના એ ગીતમાં માતૃભૂમિ માટેની તીવ્ર મહોબતને કવિએ વાચા આપેલી છે. આ ગીત એટલું બધું લોકપ્રિય બન્યું કે અનેક ભાષાઓમાં અનુવાદિત થઈને જગતભરમાં એ ગવાય છે.

સીગર કુદરતના ભારે ચાહક છે. 'સ્લૂપ ક્લીયર - વૉટર' નામની પોતાની સઢવાળી હોડીમાં હડસન નદી પર સહેલ કરતાં કરતાં એમને પ્રદૂષણનાં કારમાં જોખમો સામે પોકારો કરેલો.

સીગર એટલે સાદગીના સામર્થ્યની કથા. મહાનગરી ન્યૂયોર્કથી સોએક કિલોમટીર ઉત્તરે, હડસનને કાંઠે રમણીય કુદરતને ખોળે પોતે પતિ-પત્નીએ હાથે બાંધેલા સાદા ઘરમાં પીટરભાઈ રહે છે. કુદરત અને પર્યાવરણનું રક્ષણ કરવાની એકમાત્ર પ્રવૃત્તિને હવે તેમને પોતાની જાત અર્પણ કરી દીધી છે, અને નગરજીવનની કુત્સિતતા વિશેનાં ઘણાં નવા ગીતો બેસાડ્યા છે.

- મહેન્દ્ર મેઘાણી

**Last Seen :**


કોઈ આરોહમાં તૂટ્યા કોઈ અવરોહમાં તૂટ્યા
કોઈથી કયાં પૂરેપૂરું જીવન સંગીત ગવાયું છે
પીડા અનહદ વધી ત્યારે કશુંક કંઠે રૂંધાયું છે
પછી જે કંઈ ગવાયું છે સદા ચોમેર છાયું છે.

- રસિક દવે

**- nehalgadhavi101@gmail.com**

# આયખું આખું પિતાને સમર્પિત કરનાર મણિબહેન પટેલ

બૅરિસ્ટર તરીકેની ધીકતી પ્રેક્ટિસ હોય પછી દીકરી-દીકરાને ઈંગ્લેન્ડ ભણવા પાઠવવામાં કોઈ અવરોધ આવે જ ક્યાંથી? સરદાર વલ્લભભાઈ પટેલે દીકરી મણિબહેન અને દીકરા ડાહ્યાભાઈને મુંબઈમાં ક્વિન્સ મેરી સ્કૂલમાં મિસ વિલ્સનને ભળાવીને મિડલ ટેમ્પલમાંથી બૅરિસ્ટર થઈ આવ્યા પછી અમદાવાદને પોતાનું કાર્યક્ષેત્ર પસંદ કર્યું. મોટા ભાઈ બૅરિસ્ટર વિઠ્ઠલભાઈ પટેલે મુંબઈને કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. નમાયાં બેઉ સંતાનોને કોઈ વાતે ઓછું ના આવે એની સઘળી વ્યવસ્થા વલ્લભભાઈએ કરી હતી. હજુ પેલા 'ઘઉંમાંથી કાંકરા વીણવાના' ઉપદેશ થકી સ્વરાજપ્રાપ્તિના પાઠ ભણાવનારા બૅરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી સાથે વલ્લભભાઈનો ભેટો થયો નહોતો. દોમ દોમ સાહ્યબીમાં એ રમમાણ હતા. ૩૩ વર્ષની વયે વિધૂર બન્યા છતાં સંતાનોને અપરમાનું દુઃખ ના પડે એટલા માટે બીજી વાર લગ્ન કરવાનું ટાળીને વલ્લભભાઈએ વકીલાતની સાથે સાથે જનસેવામાં મન પરોવ્યું.




**મણિબહેનની લગ્ન કરવાની અનિચ્છા**

નવેમ્બર ૧૯૧૭માં મોટા ભાઈ વિઠ્ઠલભાઈએ મહાત્મા ગાંધી સાથે ગોધરામાં મળેલી ગુજરાત રાજકીય પરિષદમાં 'આ આપણો વલ્લભ...' કહીને ઓળખાણ કરાવી ત્યારથી ચંપારણ સત્યાગ્રહ હાથ ધરનાર 'આ કોઈ નોખી માટીનો માણસ' લાગતા ગાંધીજીના અનુયાયી થવાનું ગમવા માંડ્યું. સંતાનો ઘરમાં પણ એકમેકની સાથે અંગ્રેજીમાં વાત કરતાં હતાં અને ફ્રેંચ વિષય ભણતાં હતાં. ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી તેમને ભણવા ઈંગ્લેન્ડ મોકલવાની અગાઉની હોંશ વિશે પુનર્વિચાર થવા માંડ્યો.

છેવટે દીકરી મણિબહેન ગુજરાતી સાહિત્ય, અંગ્રેજી અને બંગાળી સાથે ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થઈ. ડાહ્યાભાઈ પણ ગૂજરાત વિદ્યાપીઠમાંથી જ સ્નાતક થયા.વલ્લભભાઈને ગાંધીજીનો રંગ લાગ્યો. મણિબહેન અને ડાહ્યાભાઈ બેઉ ગાંધીજીએ વર્ષ ૧૯૨૦માં સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા પછી સ્વદેશી અને ગાંધીના માર્ગે વળ્યાં.ડાહ્યાભાઈનાં ફેબ્રુઆરી ૧૯૨૫માં ગાંધી આશ્રમમાં ગાંધીજીની હાજરીમાં યશોદા સાથે સાદાઈથી લગ્ન થયાં, પણ મણિબહેનના લગ્નનો વિચાર આગળ વધ્યો નહીં. એમ તો જાન્યુઆરી ૧૯૨૪માં જ માતા

- ૩૩ વર્ષની વયે વિધૂર બન્યા છતાં સરદારે સંતાનો કાજે જ બીજી વાર લગ્ન કરવાનું ટાળ્યું
- બારડોલી સત્યાગ્રહ પછી દાંડી કૂચ અને 'હિંદ છોડો' ચળવળને પગલે અંગ્રેજ શાસનના પાયા હચમચ્યા
- ડૉ. કુરિયને પોતાના પુસ્તકમાં સરદારના સત્તાધીશ સાથીઓ કેવા નગુણા હતા એનો પ્રસંગ નોંધ્યો છે
- દેશ સરદાર પટેલના પરિવારનો કાયમ ઋણી રહેવાનો કારણ એમના થકી જ ભારતનો નકશો રચાયો

લાડબાએ મણિબહેનનાં લગ્નની વાત વલ્લભભાઈ સાથે છેડી, પણ વલ્લભભાઈને સંતાનો શું ભણે છે એનીય ખબર નહોતી, પછી લગ્નની વાતમાં રસ ક્યાંથી હોય? મણિબહેન સાથે ઝાઝી વાત થતી નહીં, પણ છેવટે મહાત્મા ગાંધી સાથે અમુક સપ્તાહ આશ્રમમાં રહેવા ગયેલાં મણિબહેને લગ્ન નહીં કરવાની ઈચ્છા વ્યક્ત કર્યાની જાણ વલ્લભભાઈને કરી. વલ્લભભાઈ તો જાહેરજીવન અને સત્યાગ્રહોમાં વ્યસ્ત હતા. ગાંધીજીએ મણિબહેનની ચિંતા નહીં કરવા જણાવ્યું છતાં આખરે બાપનું દિલ કાંઈ માયા થોડી છોડે? બંને વચ્ચે પત્રવ્યવહાર થતો, પણ મન મોકળાશથી વાત નહીં થતી હોવાની પારિવારિક પરંપરા વલ્લભભાઈ અને મણિબહેન વચ્ચે પણ ઝાઝી ચર્ચાને ટાળતી રહી. જોકે લગ્ન નહીં કરવાના એમના નિરધાર સાથે જ પિતાની સેવામાં દિલ પરોવીને એમના સચિવ તરીકેની સઘળી જવાબદારી મણિબહેને સ્વીકારવા માંડી. પિતાજીની જેમ સત્યાગ્રહોમાં ભાગ લેવા અને જેલ જવાનું પણ એમણે કબૂલ્યું.



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

**સરદાર પટેલનો પડછાયો બની રહ્યાં**

સરદાર પટેલ, એમના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ અને મણિબહેન - ત્રણેય બારડોલીના ખેડૂતોને ન્યાય અપાવવાના સત્યાગ્રહમાં સક્રિય રહ્યાં. મણિબહેન મહિલા કાર્યકરો સાથે સતત કાર્યરત રહ્યાં. પિતાજીની કાળજી લેવાને એ પોતાનો ધર્મ સમજવા માંડ્યાં. ૧૯૨૮ના ઓગસ્ટમાં બારડોલી સત્યાગ્રહની સફળતા પછી વલ્લભભાઈનું વ્યક્તિત્વ રાષ્ટ્રીય સ્તરે વિસ્તરતું ગયું. કૉંગ્રેસના સંગઠનાત્મક કામ અને આઝાદીની ચળવળમાં એ વધુને વધુ સક્રિય બનતાં રહ્યાં. બારડોલી સત્યાગ્રહ પછી દાંડી કૂચ અને એ પછી ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળને પગલે અંગ્રેજ શાસનના પાયા હચમચી ગયા. જેમ બને તેમ જલદી ભારતમાંથી ઉચાળા ભરવાનું અંગ્રેજ શાસકોએ નક્કી કરી દીધું.

સરદારની જવાબદારીઓ વધતી ચાલી. મણિબહેન એમના પ્રત્યેક કામમાં સાથ આપતાં રહ્યાં. સરદારના પ્રત્યેક મુલાકાતી વખતે એ હાજર રહે, મહેમાનોની કાળજી રાખે, સરદારની કાળજી રાખે અને નિયમિત ડાયરી રાખવાથી લઈને પત્રવ્યવહાર કરવા સહિતની બાબતોમાં એ સાથસહકાર આપતાં રહ્યાં. સરદાર પટેલ આઝાદીની ચળવળથી લઈને સરકારી હોદ્દે આવ્યા. ત્યાં લગી એમની ભૂમિકા સરદારનો પડછાયો બની રહેવાની રહી.

સરદારની તબિયત કથળી રહી હતી ત્યારે પણ એમની વિશેષ કાળજી લેવાની જવાબદારી મણિબહેનને શિરે આવી. દેશી-વિદેશી મહેમાનો અને મહાનુભાવો સાથેની મુલાકાતોમાં મણિબહેન સરદાર સાથે સતત રહ્યાં, પણ વચ્ચે કયારેય ડબડબ કરવાથી દૂર રહ્યાં. સરદાર નાયબ વડા પ્રધાન, ગૃહ પ્રધાન, માહિતી અને પ્રસારણ પ્રધાનની સાથે જ રિયાસતી ખાતાના પણ પ્રધાન રહ્યા એટલે એમને ત્યાં વાઈસરોયમાંથી ગવર્નર-જનરલ બનેલા લૉર્ડ માઉન્ટબેટનથી લઈને દેશવિદેશી મહેમાનો સતત આવતા રહે. છતાં સાદગીથી જીવવા ટેવાયેલા સરદારના જ આદર્શોને આત્મસાત કરનાર મણિબહેન સાદગી અને અને ચીવટથી પ્રત્યેક કામ કરતાં રહ્યાં.

**નેહરુને ૩૫ લાખ રૂપિયાની થેલી સુપરત કરી**

૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સરદાર પટેલનું નિધન થયું. મણિબહેનને સરદારે આપેલી સૂચના મુજબ દિલ્હીમાં વડા પ્રધાન

**અનુસંધાન પાના નં ૭ પર**